# ઉનાવાના યુવાને ખેતરમાં જઈ ઉંદર મારવાની દવા પી લીધી

## હોસ્પિટલ લઈ જવામાં આવેલા યુવાનનું શરીરમાં ઝેર ફેલાઈ જવાથી મૃત્યુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક ઉનાવા ગામમાં રહેતા ૪૦ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર વાસણ ગામની સીમમાં સ્થિત ખેતરે જઈ ઉંદર મારવાની ઝેરી દવા પી લેતા ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જો કે શરીરમાં ઝેર પ્રસરી જતાં યુવાનનું મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ઉનાવા ગામમાં રહેતા ૪૦ વર્ષીય વિનુભાઈ ડાહ્યાભાઈ રાવળ ગઈ કાલે સાંજે વાસણ ગામની સીમમાં સ્થિત ખેતરે ગયા હતા અને ત્યાં પહોંચીને કોઈ કારણોસર ઉંદર મારવાની દવા પી લીધી હતી. તરફડીયા મારી રહેલા વિનુભાઈ ઉપર નજર પડતા સ્થાનિકો તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા પરંતુ ત્યાં સુધીમાં તેમનું કરૂણ મૃત્યુ નિપજયું હતું.

પેથાપુર પોલીસને ઘટનાની જાણ થતા જમાદાર નરેન્દ્રભાઈ બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે. જો કે આપઘાતનું કારણ હજુ સુધી બહાર આવી શકયું નથી.

સ્વચ્છતા ઝુંબેશ ગાંધીનગરમાં માત્ર મુખ્ય માર્ગો સુધી જ સિમિત બની ગઈ હોવાનુ લાગી રહ્યું છે. શહેરના આંતરિક માર્ગો અને ખુલ્લા પ્લોટોની આસપાસ તો કચરાના ઢગ ઉભરાય છે. તેમાંય શહેરની આસપાસ આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં સાફ સફાઈ કરાવવાની કોઈ તસ્દી લેતુ નથી. વાવોલ ગામ તરફ જવાના માર્ગે જુના ફાટક પાસે જાણે મોટી કચરાપેટી હોય તેટલો કચરો ઉભરાઈ રહ્યો છે. સ્વચ્છતા ઝુંબેશ ખરેખર તો આવા અંતરિયાળ વિસ્તારો માટે શરૂ કરવાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે. (તસવીર : દિપક જાની)

# ઘ-૫ પાસે ગેસ સંચાલીત ફંટી ગાડી સળગી ઉઠી

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં તાજેતરમાં ગેસ સંચાલીત ગાડીઓ સળગી ઉઠવાના સંખ્યાબંધ કિસ્સાઓ બન્યા છે. આજે પણ ઘ-૫ સર્કલ પાસે એક ફંટી ગાડી સળગી ઉઠવા પામી હતી. ગેસ સંચાલીત ગાડીમાંથી ધુમાડા નીકળતા દેખાતા જ કાર માલીક પોતાની કાર નં. જીજે૧૮એસી૩૨૪ સાઈડમાં પાર્ક કરીને ઉતરી ગયો હતો અને ફાયરબ્રિગેડને બોલાવી લીધી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડે પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. જો કે અડધોઅડધ કાર સળગી ગઈ હતી. સદ્‌ભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા અઢી માસમાં ૩૦૦થી વધુ ફરિયાદોનો નિકાલ

ગાંધીનગર, તા. ૨૧

શહેરની વિભિન્ન સમસ્યાઓ-ફરિયાદો નિવારવા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રયાસરત છે.આ પ્રયાસો અંતર્ગત છેલ્લા અઢી માસમાં કચરા અને મૃત પશુઓના નિકાલ સહીતની ત્રણસોથી વધુ ફરિયાદોનું નિવારણ કરાયું છે. નાગરિકો દ્વારા ફોન અને વોટ્સએપનાં માધ્યમથી નોંધાતી ફરિયાદો હવે ઘેર બેઠા કોમ્પ્યુટરના માધ્યમથી પણ નોંધાવી શકાય એ માટે તંત્ર દ્વારા www.gmc-egovern.org.in નામની વેબસાઈટ પણ શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧લી માર્ચથી ૧૫ મે ૨૦૧૫ સુધીનાં અઢી માસના ગાળામાં ૩૦૭ જેટલી ફરિયાદોનું નિવારણ કરાયું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ભવનમાં સ્થિત ફરિયાદ નિવારણ શાખામાં છેલ્લા અઢી માસ દરમિયાન કચરાના કન્ટેનર, મૃત પશુઓના શબ, કચરા અને રખડતા ઢોર સંદર્ભેની ૩૦૭ જેટલી ફરિયાદો નોંધાઈ હતી. આ ફરિયાદો મળ્યા બાદ કોર્પોરેશનનાં સંબંધીત વિભાગના કર્મચારીઓ દ્વારા ફરિયાદ નિવારવા કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ ફરિયાદો પૈકી સૌથી વધુ ૧૦૮ જેટલી ફરિયાદો નાના મૃત પશુઓના શબનાં નિકાલ સંદર્ભેની હતી. જ્યારે ૯૯ જેટલી ફરિયાદો કચરાના નિકાલ અંગેની હતી. આ ફરિયાદોના નિવારણ માટે પણ સત્વરે કાર્યવાહી હાથ ધરાઈ હતી. નાગરિકો દ્વારા ફોન અને વોટ્સએપનાં માધ્યમથી વિવિધ ફરિયાદો નોંધવામાં આવે છે. જો કે હવે ઘેર બેઠા કોમ્પ્યુટરનાં માધ્યમથી પણ નાગરિકો ફરિયાદ નોંધાવી શકે એ માટે તંત્ર દ્વારા www.gmc-egovern.org.in નામની વેબસાઈટ શરૂ કરાઈ છે.

ઉનાળાની કાળઝાળ ગરમીથી ત્રસ્ત થઈને ઘરે પહોંચ્યા હોઈએ ત્યારે સૌપ્રથમ યાદ આવે માટલાનુ ઠંડુ ઠંડુ પાણી. ફ્રિઝમાં રાખેલુ ગમે તેટલુ ચીલ્ડ પાણી પીઓ પરંતુ માટલાના પાણીથી જેટલી શરીરને ટાઢક અને તૃપ્તી મળે તે ફ્રિઝના પાણીથી મળતી નથી. ઉનાળો તેની ચરમસીમાએ છે અને પારો ૪૨-૪૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. ત્યારે માટલાનુ વેચાણ વધ્યુ છે. (તસવીર : દિપક જાની)

# શ્રી અગિયાર ગોળ વણકર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

શ્રી અગિયાર ગોળ વણકર સમાજ પ્રેરીત શ્રી બાવીસી વણકર સમાજ ટ્રસ્ટ, વિસનગર આયોજીત આઠમો સમુહ લગ્નોત્સવનો ગત ૧૫મી મે શુક્રવારના રોજ વિસનગર-મહેસાણા રોડ, સવાલા મુકામે યોજવામાં આવેલ હતો. વણકર સમાજના ૨૪ નવદંપતિઓ પ્રભુતામાં કુમકુમ પગલા પાડ્યા હતા.

આ પ્રસંગે પ્રમુખ સ્થાને ઝવેરભાઈ ચાવડા (પૂર્વ કલેક્ટર), ઉદ્‌ઘાટકશ્રી વજીરખાન પઠાણ, સમારંભના વિશિષ્ટ મહાનુભાવ કે.કે. ચૌહાણ (પૂર્વ કલેક્ટર), મુખ્ય મહેમાનો કે.કે. મકવાણા, એડવોકેટ અને ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી કે.આઈ. પટેલ, ડૉ. ગીરીશચંદ્ર, હિરાલાલ મકવાણા, ડૉ. કુંદનલાલ, ખેંગારભાઈ, કાંતિલાલ પરમાર, ડૉ. કાંતિલાલ સોલંકી, વિઠ્ઠલભાઈ લેઉવા, પ્રવિણભાઈ, ચંદ્રકાંત શાહ તેમજ અતિથિ વિશેષશ્રીઓ, ખાસ આમંત્રિત મહેમાનો હાજર રહેલ તેમજ સમાજના અગ્રગણ્ય આગેવાનો, વડીલો, ભાઈઓ, બહેનો, યુવાનો તેમજ નવદંપતિઓ તેમના વાલીઓ, સગાસંબંધીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગજાનન સેવા સમિતિનું સેવા કાર્ય

ગાંધીનગર, તા. ૨૧

મોડાસા તાલુકાના ગામોમાં નિરાધાર અને વૃધ્ધ મહિલાઓને જીવન જરૂરી ચીજવસ્તુઓનું ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ વાંટડા ગામમાં પાણી ખેંચવા માટેની મોટરનું દાન કરવામાં આવ્યુ હતુ. નવલપુર મંદિર વિઘ્નહર્તા ગણેશ ભગવાનની આરસની મૂર્તિનું દાન કરવામાં આવ્યું હતું.

# સેક્ટર-૨ પેન્શનર સમાજનો પ્રવાસ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

સેક્ટર-૨ પેન્શનર્સ સમાજ ગાંધીનગર, ગાંધીનગર દ્વારા ધાર્મિક યાત્રાધામોના દર્શન માટેના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસ આગામી તા. ૨૪મે રવિવારે સેક્ટર-૨ બગીચા ખાતેથી પ્રસ્થાન કરશે. પ્રવાસમાં જોડાયેલા સભ્યોને સમયથી વહેલા સ્થળ પર ઉપસ્થિત રહેવા પેન્શનર્સ સમાજે જણાવ્યુ છે.

# શહેર કોંગ્રેસે સ્વ. રાજીવ ગાંધીની પૂણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ, કોમ્પ્યુટર યુગના પ્રણેતા ૨૧મી સદીના સ્વપ્ન દ્રષ્ટા એવા વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની પૂણ્યતિથિ નિમિત્તે આજે ગુરૂવારે ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને સેક્ટર-૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે ૪.૦૦ કલાકે એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં સ્વ. રાજીવ ગાંધીની પ્રતિમાને સુતરની આંટી અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પ્રાર્થનાસભામાં પ્રમુખ મુકેશ પટેલ, અમિતભાઈ ચૌધરી પ્રભારી, અશ્વિનભાઈ પરમાર પ્રભારી, વિક્રમસિંહ ખાચર, ચિમનભાઈ વિંઝુડા, કે.પી. સોલંકી, વિજય સોલંકી, તેજાભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ ચાવડા, અંકિત બારોટ, જયદિપ ઠાકોર, પિંકીબેન પટેલ, પ્રેમબા હાડા, સી.એમ. વર્મા, હરેશ પટેલ, જીતુભાઈ રાયકા, શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણા, અશોક શ્રીમાળી, અનિતાબેન સોલંકી, જશીબેન શ્રીમાળી, વિમળાબેન વેગડા, કપીલાબેન ચાવડા, ભાનુબેન રોહીત, કનુભાઈ શાહ, ગૌતમ સોલંકી, નરેશ પરમાર, જશવંત પંડ્યા, મગનભાઈ પરમાર, રતીલાલ શ્રીમાળી, નારણભાઈ પરમાર, હીરાલાલ મહેરીયા, કનુભાઈ પરમાર, પી.જે. સુશીલ, હિમ્મત મેકવાન, એલ.એન. પરમાર, હેનિશ રાઠોડ, અશ્વિન રાઠોડ, વસંત પરમાર, સ્થાનિક આગેવાનો, મહિલા કોંગ્રેસ, સેવાદળ, યુવા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ.ના હોદ્દેદારો કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

# પેથાપુરમાં કરંટ લાગવાથી ગાયનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક પેથાપુર ગામમાં સ્થિત રબારી વાસ પાસે ગાયને કરંટ લાગતા ગાયનું મૃત્યુ થવા પામ્યું હતું. જાહેર માર્ગો પર ખુલ્લા વિજ થાંભલાઓ જોખમી સાબિત થયા છે. ખુલ્લા વિજ થાંભલા ક્યારેય પણ મોટી દુર્ઘટના સર્જે તો નવાઈ નથી...!

# ગેસ બિલમાં વળતર આપવા અને ઈ.સી.એસ. યોજનાનો અમલ કરવા માંગ

## બંધ મકાન હોય તેવા કિસ્સામાં વધુ વસુલી ન કરવા મહામંડળની રજુઆત

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં જી એસ પી સી ની ગેસલાઈનની સેવા સંદર્ભે ગ્રાહકોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. ગ્રાહકોને ગેસ બીલ ભરવા ઈ સી એસ બેંકની યોજના અમલી બનાવવા પણ માંગ ઉઠવા પામી છે.જયારે નિયત સમયમાં બિલની ચુકવણી કરનારને કોઈપણ પ્રકારનું વળતર પણ આપવામાં આવતું નથી. આ અંગે શહેર વસાહત મહામંડળ દ્વારા ગ્રાહકોના હીતને ધ્યાને લઈ રજુઆત કરવામાં આવી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બૂચના જણાંવ્યા મુજબ જી એસ પી સી દ્વારા ગેસ જોડાણ ધરાવતા ગ્રાહકોને સમયસર બિલની ચુકવણી બદલ વળતર ચુકવવામાં આવતું નથી. ટેલીફોન વિજળીના બિલની જેમ વળતર ચુકવવામાં આવતુ નથી. જયારે દંડની પણ તગડી રકમ વસુલવામાં આવે છે. જેની સામે ગ્રાહકોમાં નારાજગી વ્યાપી છે. આ ઉપરાંત ગ્રાહકોને બિલની ચુકવણી માટે ઈ સી એસ બેંક યોજનાની સુવિધા પણ પુરી પાડવામાં આવતી નથી.

જી એસ પી સી ના મેનેજીંગ ડીરેકટરન મહામંડળે પાઠવેલા પત્રમાં વધુમાં જણાવ્યા મુજબ ઈ બિલની સુવિધા માટે મહામંડળ છેલ્લા પાંચ વર્ષથી રજુઆત કરે છે. આમછતા તેનો કોઈ ઉકેલ આવતો નથી.ચેકકલેકશન બોક્ષ પણ બિનવારસી હાલતમાં પડયા છે.તે અંગે પણ પુરતી તકેદારી રાખવા પણ રજુઆતમાં જણાવાયું છે.

આ ઉપરાંત બંધ મકાન હોય તેવા કિસ્સામાં પણ ૧૦ યુનિટનું બિલ વસુલવામાં આવે છે. આ વધુ વસુલી બંધ કરવા પણ પ્રબળ માંગ કરવામાં આવી છે.શહેર વસાહત મહામંડળના મયુર વ્યાસ સુધીર દેસાઈ કીશાર જીકાદરા કનકસિંહ પરમાર સુર્યકાન્ત બારોટ સહિતના આગેવાનોએ ગ્રાહકોને ઓછા ધક્કા ખાવા પડે અને દુવિધાઓમાંથી મુક્તિ મળે તેવું આયોજન કરવા પણ રજુઆત કરવામાં આવી છે.

# એબસ્કવોન્ડર સ્કવોર્ડે વધુ એક વોન્ટેડ આરોપી પકડ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી એબસ્કવોન્ડર સ્કવોર્ડના પીએસઆઈ કૃણાલ પટેલની ટીમ નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા દોડતી થઈ છે. ત્યારે વધુ એક વોન્ટેડ આરોપીને સ્કવોર્ડે કલોલથી ઝડપી પાડ્યો છે. નરોડા પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૨૩, ૪૦૬, ૪૯૩, ૪૯૫, ૨૯૪(સી), ૫૦૬(૨), ૧૧૪ના ગુનામાં વોન્ટેડ કલોલ તાલુકાના છત્રાલ વિસ્તારના અસ્મતઅલી મકબુલહુસેન સૈયદ નામના શખ્સની ધરપકડ કરી નરોડા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# સેકટર-૫માં દુવિધાઓનું દંગલ : વસાહતીઓ પરેશાન

## મ્યુનિ કમિશ્નરને પત્ર લખી રજુઆત કરી : સેકટરમાં દબાણો અને ગંદકી વચ્ચે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ : આકરી ગરમીમાં પાણી પણ ફોર્સથી આવતું નથી

ગાંધીનગર તા ૨૧

સેકટર ૫ માં દુવિધાઓનુ દંગલ સર્જાતા આમ નાગરીકો ત્રાહીમામ પોકારી ગયા છે. સેકટરમાં ગંદકીના ઢગ ખડકાયા છે.જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ પણ બંધ હાલતમાં છે. વધતા દબાણોની સાથે ચોરીનું દુષણ પણ ઘર કરી ગયું છે. સેકટરમાં પુરતા ફોર્સથી પાણી ન આવતું હોવાનો આકોશ પણ ઉઠવા પામ્યો છે.

સેકટર ૫ માં દુવિધાઓનું દંગલ સર્જાતા રહીશો તોબા પોકારી ગયા છે.સેકટરમાં આકરી ગરમીમાં પુરતા ફોર્સથી પાણી ન આવતું હોવાથી નાગરિકો રોષે ભરાયા છે. સેકટર ૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ રજુઆતમાં જણાંવ્યા મુજબ સેકટરમાં સફાઈના અભાવે ગંદકીના ઢગ ખડકાયા છે. જયારે દિનપ્રતિદિન દબાણોની સંખ્યા પણ વધતી જાય છે. જંગલ વિસ્તારમાં પણ દબાણોની સંખ્યા વધતી જાય છે.બીજીતરફ ચોરીનું પ્રમાણ વધતા નાગરિકોમાં ફફડાટ પ્રર્વત્યો છે.સેકટરમાં ઠેકઠેકાણે સ્ટ્રીટલાઈટો બંધ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના લીધે મહીલાઓમાં પણ ભયની લાગણી વ્યાપે છે. સેકટરમાં રંગમંચ લગ્નવાડી સહિતની પ્રાથમિક સુવિધાઓના અભાવે નાગરિકોને હાલાકી ભોગવવી પડે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૪૨.૩ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૨૫ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦
બે યાર : ૨.૪૦

**સ્ક્રીન-૩ :**
પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦
એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**
બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦
પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

**સ્ક્રીન-૩ :**
મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫
મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :**
જોબકા : ૧૦.૦૦
ગબ્બર ઈસ બેક : ૭.૦૦
પીકુ : ૧૨.૪૫

**સ્ક્રીન-૫ :**
બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦
પીકુ : ૬.૪૫
ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પામિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર શાંતાબેન શંકરજી (ઉ.વ.૬૦) મુ. કાંઠા, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર નટવરજી કાળાજી (ઉ.વ.૪૫) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર